" વિભાગ - ૩૫ "

Website : www.spuvvn.edu

Phone: (02692) 226821

# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦ (ગુજરાત)

NAAC Accreditation CGPA 3.25 Grade -'A' (23-1-2017 to 22-1-2022)

જનરલ વિભાગ

નં. : જી/૨૪/EWL/૨૫૫૦

તારીખ : ૦૬/૦૭/૨૦૧૯

પ્રતિ,

અનુસ્નાતક ભવનના વડાશ્રીઓ,

યુનિવર્સિટી સંચાલિત હોસ્ટેલના વોર્ડનશ્રીઓ.

વિષય : અભ્યાસ કરતાં કરતાં કમાણીની યોજના(Earn While You Learn)

શ્રીમાન/શ્રીમતી,

અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને જેઓ આર્થિક રીતે નબળા હોય તેઓને આર્થિક મદદ મળી રહે તે અર્થે ૧૫મી ઓગષ્ટ-૨૦૧૮ના રોજ સ્વાતંત્ર્ય દિને જાહેરાત કરવામાં આવી હતી. વિભાગોમાં ભણવાના સમય બાદ કલાક, બે કલાક કે ચાર કલાક યુનિવર્સિટીમાં જ આવા વિદ્યાર્થીઓ કોઈ કામ કરે જેમાં વળતર રૂપે તેને રૂ. ૫૫/- દર કલાકે મહેનતાણું મળી રહે તે આશયથી આ યોજના શરૂ કરવાનું વિચારેલ છે આપના વિભાગમાં પ્રયોગશાળામાં, લાઇબ્રેરીમાં, ડેટા એન્ટ્રી કરવા, રીસર્ચ માટે માહિતી એકત્ર કરવાનું અથવા ભેગી કરેલ માહિતીનું એનાલીસીસ કરવા, વિદ્યાર્થીઓના પ્રવેશની કાર્યવાહી, ઝેરોક્ષ મશીનથી ઝેરોક્ષ કરવાનું, વેબ-સાઇટ ઉપર માહિતી અપલોડ કરવાનું જેવા અનેક કામો આવા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આપી શકાય. જે તેઓ બે ચાર કલાકમાં કરી શકે. વિભાગમાં દિવસના કયા સમય દરમિયાન આપ આવા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને કામ આપી શકો તે સમય, આવશ્યક કામની વિગત આપને જણાવવા વિનંતી કરીએ છીએ.

તેવી જ રીતે આપના વિભાગમાં એવા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓના નામ અને તેમના મોબાઈલ નંબર યુનિવર્સિટી કાર્યાલય ખાતે શ્રી જયંતભાઈ મેકવાન ૯૪૨૯૪૭૫૦૩૦ને મોકલવાનું રહેશે. Email Id : general_section@spuvvn.edu

કોઈ એક વિદ્યાર્થીને આ પ્રકારનું કામ વધુમાં વધુ મહિને ૫૦ કલાકનું આપી શકાશે.

આપના સહકારથી આ યોજના સફળ થશે, વિદ્યાર્થીઓને મદદરૂપ થવાશે અને વિભાગના નાના મોટા કામ પણ કરી શકાશે. વિદ્યાર્થીઓએ કરેલ કાર્યનું મહેનતાણું યુનિવર્સિટીના હિસાબ વિભાગ દ્વારા ચૂકવવાનું રહેશે.

વિદ્યાર્થીની કૌટુંબિક આવક પાંચ લાખથી વધુ ના હોય તેવા જ વિદ્યાર્થીને આ યોજનામાં લાભ મળશે.

આભાર સહ.

આપનો વિશ્વાસુ

પ્રોજેક્ટ ઓફિસર

સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભ વિદ્યાનગર

**Earn While You Learn Scheme**

## વિદ્યાર્થીની માહિતી

| | | |
|---|---|---|
| વિદ્યાર્થીનું નામ : | | |
| વિદ્યાર્થી અભ્યાસ કરતો હોય તે વિભાગનું નામ : | | |
| વિદ્યાર્થીની જન્મ તારીખ : | | ઉંમર : |
| વિદ્યાર્થી હાલમાં કયા વર્ષમાં અભ્યાસ કરે છે તે | | |
| હાલમાં આભ્યાસ કરો છો? તે માટે કોઈ મળતા આર્થિક લાભની વિગત : | | |

વિદ્યાર્થીના માતા-પિતાની માહિતી

| | પિતા | માતા |
|---|---|---|
| નામ : | | |
| વ્યવસાય : | | |
| કુલ વાર્ષિક આવક : | | |

| | |
|---|---|
| વાર્ષિક આવકનો દાખલો : | |
| સરનામું : | |
| મોબાઈલ નં. : | |
| કોમ્પ્યુટર નોલેજ : | |
| અનુભવ : | |

વિભાગીય વડાશ્રીની ભલામણ:______________________________

આથી હું નીચે સહી કરનાર જાહેર કરું છુ કે મારી ઉપરોક્ત વિગતો સંપૂર્ણ સાચી છે અને જો તે ખોટી સાબિત થાય તો તે માટે હું સંપૂર્ણપણે જવાબદાર રહીશ.

વિદ્યાર્થીની સહી______________________

Earn While You Learn અંતર્ગત વિભાગમાંથી મેળવવાની માહિતી

| વિભાગનું નામ : | | | |
|---|---|---|---|
| | વિભાગમાં જરૂરિયાત મુજબના કામના પ્રકાર | કામનો સમયગાળો | |
| | | દરરોજ કેટલા કલાકો માટે | કેટલા દિવસો માટે |
| ૧ | ડેટા એન્ટ્રી | | |
| ૨ | ડેટા એનાલીસીસ | | |
| ૩ | ડેટા કલેક્શન માટે | | |
| ૪ | લાઈબ્રેરી કામ માટે | | |
| ૫ | લેબમાં મદદરૂપ માટે | | |
| ૬ | ફાઇલીંગ વર્ક | | |
| ૭ | ઓફિસ વર્ક | | |
| ૮ | ટાઇપીંગ વર્ક | | |
| ૯ | રેકર્ડ જાળવણી | | |
| ૧૦ | ઝેરોક્ષ કામ | | |
| ૧૧ | વેબસાઇટ ઉપર માહિતી અપલોડ કરવી | | |
| •૧૨ | | | |
| •૧૩ | | | |
| •૧૪ | | | |

ઉપરોક્ત પૈકી જો કોઈ કામ હોય તો અથવા તો તે ઉપરાંત આપની જરૂરિયાત હોય તો • ખાલી જગ્યામાં જણાવવા વિનંતી છે.

વિભાગના વડાશ્રીની સહી